## ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - 380009

જા નં. 83 / પરીક્ષા વિભાગ /2023-24 તા.10-04-2023

### પરિપત્ર

વંચાણે લીધાઃ-

1. યુજીસીનો પત્ર D.O.No. 1-6/2007 (CPP-II) (New) તા. 13-04-2022 સાથે Guidelines for pursuing two academic programmes simultaneously.
2. તા.13-08-2022ના રોજ મળેલી વિદ્યાસભા દ્વારા નિયુક્ત કરવામાં આવેલી સમિતિનો અહેવાલ તા.17-09-2022
3. તા.07-10-2022ના રોજ મળેલી વિદ્યાસભાનો ઠરાવ ક્રમાંક-09
4. તા.10-03-2023ના રોજ મળેલી વિદ્યાસભાનો ઠરાવ ક્રમાંક-09

આથી વિદ્યાપીઠના શૈક્ષણિક સંકુલના સંયોજકશ્રીઓ, ડીનશ્રીઓ તથા વિભાગીય અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે તા.13-04-2022ના રોજ યુજીસી દ્વારા એક સાથે બે અભ્યાસક્રમ કરવા અંગે બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાને અનુલક્ષીને કેટલીક યુનિવર્સિટીઓએ માઇગ્રેશન સર્ટિફિકેટ આપવાનું બંધ કર્યું છે. આ સંજોગોમાં-

અ. વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રમાણપત્રો, ગુણપત્રો વગેરેની ખરાઇ માટે નીચે મુજબના પગલાં અનુસરવાના રહેશે.

1. અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા, સ્નાતકોત્તર સ્નાતક (બી.એડ., બી.પી.એડ., વગેરે), પીએચ.ડી. કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓના નીચે દર્શાવેલી પરીક્ષાના મૂળ ગુણપત્ર તથા પ્રમાણપત્ર ચકાસવાના રહેશે

   (1) ધોરણ-10 અને 12ના ગુણપત્ર તથા પ્રમાણપત્ર

   (2) સ્નાતક કક્ષાના ગુણપત્ર તથા પ્રમાણપત્ર

   (3) જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો હોય તે અભ્યાસક્રમ માટે જરૂરી પૂર્વ અભ્યાસક્રમનું ગુણપત્ર તથા પ્રમાણપત્ર

   અભ્યાસક્રમ માટે જરૂરી પૂર્વ અભ્યાસક્રમનું ગુણપત્ર તથા પ્રમાણપત્ર ચકાસવા માટે મૂળ માર્કશીટ ઉપરાંત માર્કશીટમાં જો QR code આપેલો હોય તો તે આધારે અથવા ડિજીલોકરમાં અપલોડ કરવામાં આવેલા ગુણપત્રને આધારે અથવા સંબંધિત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવેલા પરિણામને આધારે વેરિફિકેશન કરવાનું રહેશે. ગુણપત્ર તથા પ્રમાણપત્ર વેરિફાય કરીને વિભાગીય અધ્યક્ષશ્રી અથવા તો જે અધ્યાપકશ્રીને પ્રવેશ અંગેની જવાબદારી સોંપવામાં આવી હોય તેમણે દસ્તાવેજ વેરિફાય કરીને દસ્તાવેજની

ફોટોનકલમાં 'Verified with the Help of QR Code/ University Website' લખીને સહી કરવાની રહેશે.

2. પ્રવેશાર્થીએ અગાઉ જે યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હોય તે યુનિવર્સિટીના ગુણપત્ર, પ્રમાણપત્ર QR Code/ University Website/Digi Locker ને આધારે વેરિફાય ન થઇ શકે તેમ હોય તો પ્રવેશાર્થીને જે તે યુનિવર્સિટીનું માઇગ્રેશન પ્રમાણપત્ર મેળવવા જણાવવું અને જો યુનિવર્સિટીનું માઇગ્રેશન પ્રમાણપત્ર મળી શકે તેમ ન હોય તો પીએચ.ડી. સિવાયના અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીને તેના શૈક્ષણિક પ્રમાણપત્રો સંબંધિત યુનિવર્સિટી પાસે વેરિફાય કરાવવા જણાવવું તથા પીએચ.ડી.ના અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીના પીએચ.ડી. અભ્યાસક્રમ માટે જરૂરી પૂર્વ અભ્યાસક્રમનું ગુણપત્ર તથા પ્રમાણપત્ર વેરિફાય કરાવવા વિદ્યાકીય શાખા મારફતે સંબંધિત યુનિવર્સિટીને મોકલવાના રહેશે આ માટે સંબંધિત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પ્રમાણપત્ર વેરિફિકેશન ફી ઉપરાંત રૂ.500 વ્યવસ્થા ખર્ચના લેવાના રહેશે.
3. ABC id માં વિદ્યાર્થીનું નામ આધાર કાર્ડ અનુસાર હોય છે જો વિદ્યાર્થીના શૈક્ષણિક પ્રમાણપત્રો અને આધારમાં નામ અલગ હોય તો બધા દસ્તાવેજોમાં સરખું નામ કરાવવા વિદ્યાર્થીને સૂચના આપવી.
4. પ્રવેશાર્થીના લગ્ન અથવા તો અન્ય કોઇ કારણોસર શૈક્ષણિક પ્રમાણપત્રો અને અથવા આધાર કાર્ડમાં પ્રવેશાર્થીએ ભરેલા પ્રવેશપત્રકમાં નામમાં તફાવત આવતો હોય તો સરકારી ગેઝેટમાં નામ સુધારા અંગેના જાહેરનામું થયેલું હોય તે જોવું.

બ. પ્રવેશાર્થી પાસેથી પ્રવેશ સમયે નીચે મુજબ બાંયધરી મેળવવાની રહેશે.

1. પીએચ.ડી. સિવાયના અભ્યાસક્રમમાં વિદ્યાર્થી જ્યારે પ્રવેશ મેળવે ત્યારે તેની પાસેથી નીચેની બાબતો અંગે બાંયધરી લેવાની રહેશે.
   (1) વિદ્યાપીઠના જે અભ્યાસક્રમમાં તે પ્રવેશ મેળવી રહ્યા છે તે માટે તેમણે માન્ય યુનિવર્સિટી/સંસ્થામાં અભ્યાસ પૂરો કરીને જરૂરી યોગ્યતા પ્રાપ્ત કરેલી છે.
   (2) પ્રવેશ માટે તેમણે જે દસ્તાવેજો રજૂ કર્યા છે તે સાચા છે.
   (3) વિદ્યાપીઠમાં જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો છે તે અભ્યાસક્રમ માટે નિયત કરવામાં આવેલ સમયસારણીને તે અનુસરશે. યુજીસીના ધોરણો અનુસાર તે વધારાના અભ્યાસક્રમ માટે અન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવશે તો તે વિદ્યાપીઠને જાણ કરશે તથા વિદ્યાપીઠમાં નક્કી કરવામાં આવેલી સમયસારણીને બાધ ન આવે તેની કાળજી લેશે.

2. પીએચ.ડી.માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી બાંયધરી લેવાની રહેશે કે તેઓ તેમના સમગ્ર અભ્યાસકાળ દરમ્યાન અન્ય કોઇ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવશે નહીં.

3. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રથમ સત્રમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓના માન્ય બોર્ડમાંથી ઉત્તીર્ણ કરેલ ધોરણ-10 અને 12ના ગુણપત્ર તથા પ્રમાણપત્રને આધારે વેરિફિકેશન કરવાનું રહેશે. સત્ર 3,5 તથા 7માં સીધો પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે ABC id માં તેમના ખાતામાં જમા રહેલી ક્રેડિટને આધારે પ્રવેશ આપવાનો રહેશે. ABC id ને આધારે પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ એલિજિબિલિટી પ્રમાણપત્ર મેળવવાની આવશ્યકતા રહેશે નહીં.

ક. યોગ્યતા પ્રમાણપત્ર

વિદ્યાર્થીઓના પ્રવેશ ઓનલાઇન થાય છે. CUET મારફતે પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓની માહિતી પણ ઓનલાઇન મળી શકશે. વિભાગમાં/સંકુલમાં સ્નાતક કક્ષા સિવાયના અભ્યાસક્રમોમાં પ્રવેશની કાર્યવાહી પૂર્ણ થાય પછી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની માહિતી તથા સંબંધિત અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી અભ્યાસક્રમના શૈક્ષણિક દસ્તાવેજની પીડીએફ નકલો, પાસપોર્ટસાઇઝના ફોટોગ્રાફ પરીક્ષા વિભાગને જે તે વર્ગ અનુસાર ઓનલાઇન મોકલવાના રહેશે. વિભાગ/ સંકુલ પાસેથી પ્રાપ્ત થયેલી ઓનલાઇન માહિતીને આધારે પરીક્ષા વિભાગ ઓનલાઇન યોગ્યતા પ્રમાણપત્ર આપશે. આવી રીતે ઓનલાઇન યોગ્યતા પ્રમાણપત્ર આપવામાં આવે ત્યારે તે માટે વિદ્યાર્થી પાસેથી અલગ ફી લેવાની નથી.

પ્રવેશ માટે સંબંધિત રેગ્યુલેટરી ઓથોરિટી (એઆઇસીટીઇ, એનસીટીઇ), યુજીસી તથા વિદ્યાપીઠ દ્વારા નક્કી કરવામાં આવેલા વખતોવખતના ધોરણો જળવાય તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગીય અધ્યક્ષશ્રીની રહેશે.

ડ. વિભાગ/ સંકુલમાં હાલમાં વિદ્યાર્થીઓનું રેકર્ડ- જીઆર રજીસ્ટર મેન્યુઅલી નિભાવવામાં આવતું હોય તો તેને કમ્પ્યુટર ઉપર નિભાવવું તથા વર્ષને અંતે જે તે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ લીધેલ તમામ વિદ્યાર્થીઓની માહિતીની લેજર પેપર ઉપર પ્રીન્ટ લઇ તેનું બાઇન્ડીંગ કરાવવાનું રહેશે.

(ડૉ. નિખિલ ભટ્ટ)
કાર્યકારી કુલસચિવ